| ૨ | જેતપુર-પાવી(બોડેલીસાથે) | ૨૭૫ | ૩૩૦૫૩ |
| ૩ | નસવાડી | ૨૪૭ | ૧૮૫૦૮ |
| ૪ | છોટાઉદેપુર | ૨૨૬ | ૩૦૦૩૫ |
| ૫ | કવાંટ | ૨૦૪ | ૨૮૩૦૨ |
| | કુલ | ૧૨૪૯ | ૧૩૦૨૬૯ |

પ્રાપ્તિસ્થાન :- ૧. જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જી.પં., વડોદરા.
૨. શાસનાધિકારીશ્રી, ન.પ્રા.શિ. સમિતિ, વડોદરા.

## ૧૭. રોજગારી અને માનવશકિત

મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી,વડોદરા ધ્વારા વર્ષ ૨૦૧૩–૧૪માં ઉમેદવારો માટે નીચેની પ્રવૃતીઓ હાથ ધરવામાં આવે છે.

પ્લેસમેન્ટ પ્રવૃતિ

- નામ નોંધણી
- રીન્યુઅલ
- ખાલી જગ્યાઓની નોંધણી
- ઉમેદવારોની ભલામણ
- પ્લેસમેન્ટ

ઉપરોકત તમામ કામગીરી કોમ્પ્યુટર ધ્વારા કરવામાં આવે છે.વડોદરા જિલ્લામાં કુલ–૩ સ્થળોએ રોજગાર કચેરીઓ કરે છે.

૧) મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી,સી/૫,નર્મદાભુવન,વડોદરા

૨) યુનિવર્સીટી માર્ગદર્શન અને માહિતી કેન્દ્ર,એમ.એસ.યુનીવર્સીટી કેમ્પસ,વડોદરા

૩) નગર રોજગાર કચેરી, છોટાઉદેપુર, વડોદરા

**હાલમાં ૪૪૬૭૯** બેરોજગાર ઉમેદવારો હાલમાં નોંધાયેલા છે. તે પૈકી ૨૯૪૮૭ ઉમેદવારોની નામ નોંધણી ૨૦૧૩ માં થયેલ છે. નોકરીદાતાઓ તરફથી ૩૪૯૧૫ ખાલી જગ્યાઓની નોંધણી કરાવવામાં આવેલ તેની સામે આ કચેરી ધ્વારા ૯૯૬૮૯ ઉમેદવારોના નામની ભલામણ કરવામાં આવી હતી અને ૨૩૦૪૪ ઉમેદવારોને ૨૦૧૩ના વર્ષમાં નોકરી મળેલ હતી.

**વ્યવસાય માર્ગદર્શન**

રોજગાર કચેરીનો આ એક ખુબ જ અગત્યનો કાર્યક્રમ છે. શિક્ષણના વધેલ વ્યાપ અને વિશિષ્ટિકરણને કારણે વિધાર્થીઓ માટે વ્યવસાયિક માર્ગદર્શનનું મહત્વ ખુબજ વધી ગયું છે. આ કાર્યક્રમમાં મુખ્યત્વે ઉમેદવારોને વ્યવસાયિક માર્ગદર્શન અને મહિતી, જુથ ચર્ચા, વ્યકિતગત માર્ગદર્શન તથા કાઉન્સેલીંગ પુરા પાડવામાં આવે છે. શાળા/કોલેજોમાં વિધાર્થીઓને ઉપલબ્ધ વ્યવસાયિક તાલીમ, શિક્ષણ સુવિધાઓ તથા રોજગારીની તકો અંગે માર્ગદર્શન આપવામાં આવે છે. વર્ષ દરમ્યાન ૩૪૯૩ ઉમેદવારોને વ્યવસાયિક માર્ગદર્શન આપવામાં આવેલ છે.

**સ્વરોજગાર**

સવેતન રોજગારીની તકો ખુબજ સિમીત છે.દિન–પ્રતિદિન રોજગારીની સમસ્યા વિકટ બનતી જાય છે. સવેતન રોજગારીનો વિકલ્પ સ્વરોજગારી છે. રોજગાર કચેરી ધ્વારા સ્વરોજગારી માટે તાલુકા કક્ષાએ શિબિરોનું આયોજન કરવામાં આવે છે. શિબિરમાં બેરોજગાર ઉમેદવારોને સ્વરોજગારીની વિવિધ યોજનાઓ,સ્વરોજગાર માટે ઉપલબ્ધ નાણાંકીય સહાય વગેરે બાબતમાં માહિતી અને સાહિત્ય પુરું પાડવામાં આવે છે અને સ્વરોજગારીમાં જોડાય તે માટે પ્રેરણાત્મક કામગીરી કરવામાં આવે છે. વર્ષ દરમ્યાન ૩૭ શિબિર યોજવામાં આવેલ જે અન્વયે ૮૧૩ બેરોજગાર ઉમેદવારોને રોજગારી આપવામાં આવેલ છે.

**લશ્કરી ભરતી મેળા**

દેશમાં સૌથી વધુ રોજગારી આપતું ક્ષેત્ર સંરક્ષણદળ છે. જેમાં દરેક રાજયને ભરતી મેળા કવોટા ફાળવેલા હોય છે. આ જગ્યાઓ માટે ગુજરાતના યુવાનોને રોજગારીની તકો સાથે માતૃભૂમિના રક્ષણ કરાવની ઉત્તમ તક ઉભી થાય અને સંરક્ષણ દળમાં જોડાય તે માટે તેઓને પ્રેરણા,પ્રોત્સાહન અને તાલીમની સુવિધા ઉભી કરવામાં આવે છે. જિલ્લા કક્ષાએ દર વર્ષે આ કચેરી ધ્વારા લશ્કરી ભરતી મેળાઓનું આયોજન કરવામાં આવે છે.

લશ્કરી દળોની તેમજ અર્ધ લશ્કરી દળોની ભરતી અંગે નોંધાયેલા ઉમેદવારોને જાણ કરવામાં આવે છે. અત્રેની કચેરી ધ્વારા લશ્કરી ભરતી મેળાઓનું આયોજન તથા પ્રચારની કામગીરી કરવામાં આવે છે. રોજગાર કચેરી ધ્વારા પસંદ કરેલ હાઈસ્કુલમાં લશ્કરી ભરતી અંગે પુર્વ તાલીમ વર્ગો ચલાવવામાં આવે છે અને મેડીકલ પરીક્ષણમાં ફીટ જાહેર થયેલા ઉમેદવારોને લેખિત પરીક્ષાની તૈયારી માટે પણ તાલીમ આપવાનું આયોજન કરવામાં આવે છે.

**ઓદ્યોગિક રોજગાર ભરતીમેળાનું આયોજન**

ગૂજરાત રાજય ઔદ્યોગિક વિકાસમાં હરણફાળ ભરી રહ્યું છે ત્યારે ખાનગીક્ષેત્રમાં નવી રોજગારીની તકોનું નિર્માણ થઈ રહયું છે. રોજગાર અને તાલીમ ખાતા ધ્વારા ઔધોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવે છે. જેમાં ખાનગીક્ષેત્રના નોકરીદાતાઓ અને નોંધાયેલા બેરોજગાર ઉમેદવારોને એક મંચ ઉપર ભેગા કરી રોજગારી પુરી પાડવામાં સેતુરુપ બનવાનો નવો અભિગમ અમલમાં મુકેલ છે. આ કામગીરીમાં કર્મચારીઓ ધ્વારા ખાનગી એકમોની મુલાકાત લઈ ખાલી જગ્યાઓ મેળવવા લાયકાત ધરાવતા ઉમેદવારોને જાણ કરી, નોકરીદાતાઓ ઈન્ટરવ્યુની કાર્યવાહી કરી શકે તેવી વ્યવસ્થા આ કચેરી ધ્વારા કરવામાં આવે છે.જેના કારણે નોકરીદાતાઓને કોઈપણ ખર્ચ વિના કુશળ,બીનકુશળ કામદારો/સ્ટાફ મળી રહે છે.આમ, સરકારી ખાતાઓની ભરતી પર પ્રતિબંધ અને સીધી ભરતી કરવાની પ્રથા સામે ખાનગી ક્ષેત્રમાં

બેરોજગારોને મેળવી આપવામાં સહાયતા અંગે ઘણી સારી કામગીરી કરવામાં આવે છે. વર્ષ દરમ્યાન ૧૦૩ આદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરી કુલ ૮૯૭૦ બેરોજગારોને રોજગારી આપવામાં આવેલ છે.

**કરીયર કોર્નર**

આ યોજના હેઠળ નિયામકશ્રી, રોજગાર અને તાલીમે મંજુરી આપેલ શાળા–૧૧૦ અને કોલેજો –૦૫ મળી કુલ –૧૧૫ કરીયર કોર્નર સ્થાપવામાં આવેલ છે. તે શાળા/કોલેજોના શિક્ષકો ધ્વારા વિધાર્થીઓને શૈક્ષણિક અને વ્યવસાયિક માર્ગદર્શન પુરૂં પાડવામાં આવે છે. કરીયર કોર્નરની પ્રવૃતિ સંભાળતા શિક્ષક રોજગાર કચેરી સાથે સતત સંપર્કમાં રહે છે અને વિધાર્થીઓ માટે કારકિર્દી વાર્તાલાપ, વાલી સંમેલન, સેમીનાર, કારકિર્દી પ્રદર્શન, ઉદ્યોગોની મુલાકાત વગેરે પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. કરીયર કોર્નર કાર્યક્ષમ રીતે કાર્ય કરે અને વિધાર્થીઓને સારી રીતે માર્ગદર્શન મળી રહે તે માટે સાહિત્ય રોજગાર સમાચાર અને માર્ગદર્શન માટે જરુરી મેગેઝીન પણ પુરા પાડવામમાં આવે છે. શિક્ષકોને માનદ વેતન પણ આ કચેરી ધ્વારા આપવામાં આવે છે.

**નવી રોજગાર નીતી**

રાજયની નવી ઔદ્યોગિક નીતિ અંગેની માર્ગદર્શક સુચનાઓ અનુસાર સ્થાનિક ઉમેદવારોને વધુ રોજગારી મળી રહે તે માટે રાજયમાં આવેલા સરકારના બધા ઉદ્યોગોમાં તથા રાજય સરકાર ધ્વારા પ્રોત્સાહીત સહાય મેળવતા બધા ઉદ્યોગોમાં

- કર્મચારી,કામદાર અને કારીગર વર્ગની ઓછામાં ઓછી ૮૫ % તથા
- મેનેજરીયલ તથા સુપરવાઈઝર કક્ષાની ઓછામાં ઓછી ૬૦ % જગ્યાઓ સ્થાનિક ઉમેદવારોમાંથી ભરવી તેવું નકકી કરેલ છે.

આ અંગેની જે તે એકમો પાસેથી મહિતી મેળવી સરકારશ્રીને મોકલવામાં આવે છે. તેમજ જે અમલ કરતા ન હોય તેનો સંપર્ક કરી, સમજ આપી, અમલ કરવાની કામગીરી કરવામાં આવે છે.

**અન્ય નોંધપાત્ર બાબત**

રાજય સરકારની કચેરી તરીકે આ રોજગાર અને તાલીમ ખાતું જેમને ( I S O 9001: 2000 પ્રમાણિત) પ્રમાણપત્ર મળેલ છે. આ કચેરીને પણ માર્ચ– ૨૦૦૭ થી ( I S O 9001: 2000 પ્રમાણિત) પ્રમાણપત્ર મળેલ છે.

વધુમાં નાયબ વડાશ્રી.યુનિવર્સીટી રોજગાર અને માહિતી માર્ગદર્શન કેન્દ્ર એમ.એસ.યુનીવર્સીટી કમ્પાઉન્ડ,વડોદરાની કચેરી ધ્વારા સને ૨૦૧૩–૨૦૧૪ ના વર્ષમાં રોજગારી મેળવવા માટે

ઉમેદવારી નોંધાયેલ હોય તેવા ૩૧૪૭ ઉમેદવારોની સામે ૧૩૦૦ ઉમેદવારોને રોજગારી અપાયેલ છે.

પ્રાપ્તિસ્થાનઃ

૧) મદદનીશ નિયામકશ્રી(રોજગાર)ની કચેરી વડોદરા

૨) યુનિવર્સીટી રોજગાર અને માહિતી માર્ગદર્શન કેન્દ્ર વડોદરા

## ૧૮. યોજનાકીય પ્રગતિ

### ૧૮.૧ ૮૦ ટકા નોર્મલ પ્લાન

સને ૨૦૧૧-૨૦૧૨માં ૮૦ ટકા નોર્મલ પ્લાન યોજનામાં વડોદરા જિલ્લા પંચાયત અંતર્ગત ૩૧-૩-૨૦૧ સુધીમાં ૧૪૯૨૯.૦૫ લાખની ગ્રાન્ટ મળેલ હતી. વર્ષ દરમ્યાન રૂા.૧૨૮૯૨.૪૯ લાખનો ખર્ચ થયેલ છે. ગ્રાન્ટના ૮૬.૩૬ ટકા થવા જાય છે.

| અ.નં. | વિકાસનું સદર | ૨૦૧૧-૨૦૧૨ | | ટકાવારી (ગ્રાન્ટ સામે) |
|---|---|---|---|---|
| | | મળેલ ગ્રાન્ટ (રૂા.લાખ) | થયેલ ખર્ચ (રૂા.લાખ) | |
| ૧ | ખેતીવાડી | ૪૩૪.૮૬ | ૪૩૪.૮૬ | ૧૦૦.૦૦ |
| ૨ | નાની સિંચાઇ | ૬૦૧.૦૭ | ૬૦૧.૦૭ | ૧૦૦.૦૦ |
| ૩ | પશુપાલન | ૧૭.૭૦ | ૫.૩૦ | ૨૯.૩૦ |
| ૪ | માર્ગ વિકાસ | ૩૭૯૫.૧૩ | ૩૭૯૫.૧૩ | ૧૦૦.૦૦ |
| ૫ | સામાન્ય શિક્ષણ | ૧૭૨.૭૩ | ૧૭૨.૭૩ | ૧૦૦.૦૦ |
| ૬ | જાહેર આરોગ્ય | ૪૫૭૯.૮૩ | ૪૫૭૯.૮૩ | ૧૦૦.૦૦ |
| ૭ | ગૃહ નિર્માણ | ૩૭૧૭.૮૫ | ૨૪૭૫.૫૨ | ૬૬.૫૮ |
| ૮ | પછાત વર્ગ કલ્યાણ | ૨૬૩.૪૧ | ૨૫૬.૯૫ | ૯૭.૫૫ |
| ૯ | પોષણ કાર્યક્રમ | ૧૩૪૬.૪૭ | ૫૭૧.૧૦ | ૪૨.૪૧ |
| | કુલ | ૧૪૯૨૯.૦૫ | ૧૨૮૯૨.૪૯ | ૮૬.૩૬ |

પ્રાપ્તિસ્થાન :- આંકડાશાખા, જિ.પં. વડોદરા.

## ૧૮.૨ વિકેન્દ્રીત જિલ્લા આયોજન

વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન આયોજનના વિવિધ સદરોએ નીચે પ્રમાણેની પ્રગતિ થયેલ છે.

| અ.નં. | વિકાસનું સદર | મળેલ અનુદાન (રૂા.લાખ) | થયેલ ખર્ચ (રૂા.લાખ) | વહીવટી મંજૂરી મળેલ કામો | પૂર્ણ થયેલ કામો |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૫ ટકા વિવેકાધીન જોગવાઈ | ૧૯૫૫.૦૦ | ૧૩૪૨.૦૧ | ૧૨૬૯ | ૯૦૮ |
| ૨ | ૫ ટકા પ્રોત્સાહક જોગવાઈ | ૭૦.૦૦ | ૩૭.૩૫ | ૩૩ | ૨૬ |
| ૩ | માન. ધારાસભ્યશ્રી અનુદાન | ૧૫૦.૦૦ | ૧૩૯.૫૧ | ૨૬૧ | ૧૦૯ |
| ૪ | માન.સંસદ સભ્યશ્રી(વડોદરા) અનુદાન | ૩૨૩.૩૪ | ૯૪.૯૫ | ૧૧૬ | ૫૧ |
| ૫ | માન. સંસદ સભ્યશ્રી (છોટા ઉદેપુર) અનુદાન | ૩૮૮.૪૦ | ૧૧૧.૧૮ | ૧૭૯ | ૫૫ |
| ૬ | વિકાસશીલ તાલુકા | ૬૫૦.૦૦ | ૨૫૮.૭૫ | ૯૮ | ૪૧ |
| | કુલ | ૩૫૩૬.૭૪ | ૧૯૮૩.૭૫ | ૧૯૫૬ | ૧૧૯૦ |

પ્રાપ્તિસ્થા :- જિલ્લા આયોજન એકમ, વડોદરા.

## ૧૯. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી

ગ્રામ પ્રજાને જરુરી તમામ સુવિધાઓ મળી રહે તે માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી વડોદરા ધ્વારા નીચેની યોજનાઓ અમલમાં છે.

**ઈન્દિરા આવાસ યોજના**

ઈન્દીરા આવાસ યોજના(નવા) હેઠળ ૨૦૧૩–૧૪ ના નાણાંકીય લક્ષ્યાંક રૂા.૨૬૧૪.૫૦ ની સામે માર્ચ– ૧૪ સુધી રૂા.૧૮૪૨.૪૯ લાખ નો ખર્ચ થયેલ છે. જે ઉપલબ્ધ ફંડ રૂા. ૨૪૩૧.૯૧૭ લાખ ની સામે ૭૫.૭૬ % અને વાર્ષિક નાણાંકીય લક્ષ્યાંક ની સામે ૭૦.૪૭ % ની સિધ્ધી થયેલ છે.

ચાલુ વર્ષે જિલ્લાને ૩૯૩૫ ભૌતિક લક્ષ્યાંક ફાળવવામાં આવેલ છે અને ૧–૪–૨૦૧૩ની સ્થિતિએ સ્પીલ ઓવર આવાસ ૧૮૫૨૮ મળી કુલ ભૌતિક લક્ષ્યાંક ૨૨૪૬૩ હતી જેની સામે માર્ચ–૧૪ સુધી કુલ ૫૫૮૫ આવાસો પૂર્ણ થઈ શકેલ છે. જે ભૌતિક લક્ષ્યાંક સામે ૨૪.૩૧ % સિધ્ધી થયેલ છે.

**સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન**

વ્યકિતગત બીપીએલ શૌચાલયના ૧૧૭૦૦ ના ભૌતિક લક્ષ્યાંકની સામે ૬૪૭૩ નો લક્ષ્યાંક પૂર્ણ થયેલ છે. જે ૫૫.૩૨ % કામગીરી દર્શાવે છે. તથા વ્યકિતગત એપીએલ શૌચાલયના ૧૫૦૦૦ ના લક્ષ્યાંક સામે ૭૬૧૨ પૂર્ણ થયેલ છે જે ૫૦.૭૪ % કામગીરી દર્શાવે છે.

**મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના (એમ.જી.એન.આર.ઈ.જી.એ.)**
**(કેન્દ્ર પુરસ્કૃત યોજના)**

કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ, ગાંધીનગર તરફથી એમ.જી.એન.આર.ઈ.જી.એ. યોજના અન્વયે વડોદરા જિલ્લામાં સને ૨૦૦૮–૦૯ ના વર્ષથી શરૂઆત કરવામાં આવેલ છે.

**એમ.જી.એન.આર.ઇ.જી.એ. યોજના હેઠળ હાથ ધરાયેલ કામોની સંખ્યા ૫૭૪૯ છે. ઈસ્યુ કરેલ મસ્ટર રોલની સંખ્યા ૧૭૨૨૪ છે. અગાઉના માસ સુધી ૧૦૦ ટકા વેરીફીકેશન કરેલ મસ્ટર રોલ ની સંખ્યા ૧૬૨૪૬ છે. જેનું વેરીફીકેશન કરવાનું બાકી હોય તેવા મસ્ટર રોલની સંખ્યા ૯૨૬ છે.૨૪૫૫૨૫ ઈસ્યુ કરેલ જોબકાર્ડ છે.**

**માહે- માર્ચ-૧૪ અંતિત ઉત્પન્ન થયેલ માનવ દિન-૧૩.૦૪૩ (લાખ) છે. શરૂ કરેલ કામોની સંખ્યા ૫૭૪૯ છે જે પૈકી ૨૬૭૪ પૂર્ણ થયેલ છે. એમ.જી.એન.આર.ઇ.જી.એ. યોજના હેઠળ કુલ ઉપલબ્ધ ફંડ રૂા.૩૩૫૦.૧૫૪ લાખ ખર્ચ થયેલ છે.**

## ૨૦. આરોગ્ય

વડોદરા જિલ્લામાં સને ૨૦૧૩-૧૪ અંતિત ૧૩ સરકારી હોસ્પિટલો આવેલ છે, જેમાં સામુહિક આરોગ્ય કેન્દ્રો, મેન્ટલ હોસ્પિટલ, ટી.બી. હોસ્પિટલ તેમજ આયુર્વેદિક હોસ્પિટલોનો સમાવેશ થાય છે. સરકાર દ્વારા સહાય મેળવતી હોસ્પિટલોમાં વડોદરા શહેરમાં આવેલ વલ્લભ હોસ્પિટલ, મહારાણી શાંતાદેવી હોસ્પિટલ અને ભાઈલાલભાઈ મેડીકલ હોસ્પિટલ તેમજ વડોદરા જિલ્લામાં ગ્રામ્ય કક્ષાએ વાઘોડીયા તાલુકામાં ધીરજ જનરલ હોસ્પિટલ, મુની સેવા આશ્રમ, ગોરજ આવેલ છે. વડોદરા જિલ્લામાં ગ્રામ્ય કક્ષાએ કુલ ૪૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર થયેલ છે. તે તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યાન્વિત છે. આ ઉપરાંત કુલ ૦૯ સામુહિક આરોગ્ય કેન્દ્રો આવેલા છે. ૨૨ આયુર્વેદિક તેમજ હોમિયોપેથીક યુનીટના ૧૧ દવાખાના આવેલા છે. આ રીતે અત્રેનાં જિલ્લામાં ૪૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૨૪૩ પેટા કેન્દ્રો દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં માતૃ અને બાળ કલ્યાણ તેમજ આરોગ્યની તમામ સેવાઓ આપવામાં આવે છે.કુટુંબ નિયોજન ક્ષેત્રે સને ૨૦૧૩-૧૪ નાં વર્ષ દરમ્યાન કુલ ૭૯૯૫ સ્ત્રી અને ૦૧ પુરૂષોએ કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવેલ છે. આંકડી મુકાવનારની સંખ્યા ૭૮૬૭ હતી. નિરોધ વાપરનારાઓની સંખ્યા ૨૫૯૪ હતી. ઓરલ પીલ્સ વાપરનારની સંખ્યા ૧૧૫૦ છે, તેમજ ઓરલ પીલ્સની સંખ્યા ૧૪૯૪૪ છે. આ રીતે વડોદરા જિલ્લાએ કુટુંબ નિયોજન ક્ષેત્રે સિધ્ધિઓ પ્રાપ્ત કરેલ છે.સગર્ભા મહિલાઓની નોંધણી સમયસર કરવામાં આવે છે. જેથી માતા અને બાળક તંદુરસ્ત રહે તે સરકારનો ધ્યેય છે. એન.આર.એચ.એમ. હેઠળ ઈન્સ્ટીટયુશનલ ડીલીવરી ૮૭.૮ ટકા થયેલ છે, જેનાથી ઘરે ડીલીવરીની સંખ્યા ઓછી થતા માતા અને બાળ મરણના પ્રમાણમાં ઘટાડો થઈ રહેલ છે. સરકારશ્રીનો ધ્યેય આઈ.એમ.આર. અને એમ.એમ.આર. ઘટાડવાનો છે. ૦ થી ૧ વર્ષના બાળક પૈકી ૯૦.૦૯ ટકા બાળકોનું સંપૂર્ણ ઈમ્યુનાઈઝેશન થયેલ છે. માતા અને બાળક તંદુરસ્ત રહે તે માટે જનની સુરક્ષા અને ચિરંજીવી યોજનાને અમલમાં મૂકવામાં આવેલ છે. મલેરીયા અને ચેપીરોગ નિયંત્રણની સઘન કામગીરી કરેલ છે.

છોટાઉદેપુર જિલ્લામાં સને ૨૦૧૩-૧૪ અંતિત ૦૮ સરકારી હોસ્પિટલો આવેલ છે, જેમાં સામુહિક આરોગ્ય કેન્દ્રો, છોટાઉદુેર જિલ્લામાં  ગ્રામ્ય કક્ષાએ કુલ ૪૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર થયેલ છે. તે તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યાન્વિત છે. આ ઉપરાંત કુલ ૦૮ સામુહિક આરોગ્ય કેન્દ્રો આવેલા છે. ૧૫ આયુર્વેદિક તેમજ હોમિયોપેથીક યુનીટના ૦૫ દવાખાના આવેલા છે. આ રીતે અત્રેનાં જિલ્લામાં ૮૦ પ્રાથમિક ૪૦ આરોગ્ય કેન્દ્રો, ૨૨૨ પેટા કેન્દ્રો દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં માતૃ અને બાળ કલ્યાણ તેમજ આરોગ્યની તમામ સેવાઓ આપવામાં આવે છે. તદ્ઉપરાંત જિલ્લામાં ૨ મોબાઇલ ડીસ્પેન્સરી તથા ૪ મોબાઇલ યુનિટ આવેલ છે, જેના દ્વારા જિલ્લાના ડુંગરાળ અને ઉંડાણવાળા આદિવાસી વિસ્તારમાં આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવે છે.કુટુંબ નિયોજન ક્ષેત્રે સને ૨૦૧૩-૧૪ નાં વર્ષ દરમ્યાન કુલ ૫૩૯૬ સ્ત્રી અને ૦ પુરૂષોએ કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવેલ છે. આંકડી મુકાવનારની સંખ્યા ૬૧૯૪ હતી. નિરોધ વાપરનારાઓની સંખ્યા ૩૦૦૩ હતી. ઓરલ પીલ્સ વાપરનારની સંખ્યા ૧૨૮૭ છે, તેમજ ઓરલ પીલ્સની સંખ્યા ૧૬૭૩૧ છે. આ રીતે  જિલ્લાએ કુટુંબ નિયોજન ક્ષેત્રે સિધ્ધિઓ પ્રાપ્ત કરેલ છે.સગર્ભા મહિલાઓની નોંધણી સમયસર કરવામાં આવે છે. જેથી માતા અને બાળક તંદુરસ્ત રહે તે સરકારનો ધ્યેય છે. એન.આર.એચ.એમ. હેઠળ ઈન્સ્ટીટયુશનલ ડીલીવરી ૯૩ ટકા થયેલ છે, જેનાથી ઘરે ડીલીવરીની સંખ્યા ઓછી થતા માતા અને બાળ મરણના પ્રમાણમાં ઘટાડો થઇ રહેલ છે. સરકારશ્રીનો ધ્યેય આઇ.એમ.આર. અને એમ.એમ.આર. ઘટાડવાનો છે. ૦ થી ૧ વર્ષના બાળક પૈકી ૯૨.૦૮ ટકા બાળકોનું સંપૂર્ણ ઈમ્યુનાઇઝેશન થયેલ છે.  માતા અને બાળક તંદુરસ્ત રહે તે માટે જનની સુરક્ષા અને ચિરંજીવી યોજનાને અમલમાં મૂકવામાં આવેલ છે. મલેરીયા અને ચેપીરોગ નિયંત્રણની સઘન કામગીરી કરેલ છે.

## ૨૧. સાક્ષરતા

વડોદરા જિલ્લામાં ૨૦૧૧ ની વસ્તી ગણત્રી પ્રમાણે નીચે પ્રમાણે સાક્ષરતાનું પ્રમાણ જણાઈ આવેલ છે.

| અ.નં. | વિગત | સાક્ષરતાની ટકાવારી |
|---|---|---|
| ૧ | કુલ વસ્તીમાં | ૭૮.૯૨ |
| ૨ | પુરૂષોમાં | ૮૫.૩૯ |
| ૩ | સ્ત્રીઓમાં | ૭૨.૦૩ |
| ૪ | શહેરમાં | ૮૯.૭૪ |
| ૫ | ગ્રામ્યમાં | ૬૭.૮૪ |
| ૬ | કુલ અનુસુચિત જાતિમાં | ૮૪.૪૭ |
| ૭ | અ.જાતિના પુરૂષોમાં | ૯૧.૩ |
| ૮ | અ.જાતિની સ્ત્રીઓમાં | ૭૭.૨ |
| ૯ | કુલ અ.જાતિ ગ્રામ્યમાં | ૭૮.૧૫ |
| ૧૦ | અનુ.જાતિ ગ્રામ્ય પુરૂષમાં | ૮૭.૩ |
| ૧૧ | અનુ.જાતિ ગ્રામ્ય સ્ત્રીમાં | ૬૮.૪ |
| ૧૨ | કુલ અનુ.જન જાતિમાં | ૫૪.૨૭ |
| ૧૩ | અ.જ.જા. પુરૂષોમાં | ૬૪.૭ |
| ૧૪ | અ.જ.જા. સ્ત્રીઓમાં | ૪૩.૪ |
| ૧૫ | કુલ અ.જ.જા. ગ્રામ્યમાં | ૫૧.૯૬ |
| ૧૬ | અ.જ.જા. ગ્રામ્ય પુરૂષો | ૬૨.૬ |
| ૧૭ | અ.જ.જા. ગ્રામ્ય સ્ત્રીઓ | ૪૦.૯ |
| ૧૮ | કુલ અ.જાતિ શહેરમાં | ૮૮.૨૭ |
| ૧૯ | અ.જાતિ પુરૂષો શહેરમાં | ૯૩.૭ |
| ૨૦ | અ.જાતિ સ્ત્રીઓ શહેરમાં | ૮૨.૫ |
| ૨૧ | કુલ અ.જન જાતિ શહેરમાં | ૭૫.૨૪ |
| ૨૨ | અ.જ.જા. પુરૂષો શહેરમાં | ૮૨.૯ |
| ૨૩ | અ.જ.જા. સ્ત્રીઓ શહેરમાં | ૬૬.૭ |

## ૨૨. ઔદ્યોગિક તાલીમ સંસ્થા

**પ્રસ્તાવના : (યોજનાનો ઉદ્દેશ)**

**વર્તમાન સમયગાળા દરમ્યાન વિવિધ વિદ્યાશાખાઓની જ્ઞાન ધરાવતા ઉમેદરવારોની સરખામણીમાં વ્યવસાયલક્ષી શિક્ષણ દ્વારા બહુવિધિ કૌશલ્ય ધરાવતા ઉમેદવારો માટે રોજગારી/ સ્વરોજગારીની વિપુલ તકો રહેલી છે. ઉચ્ચ લાયકાત મેળવવા પાછળ વધારે પડતો આર્થિક ખર્ચ તથા લાંબા સમયગાળાનો ભોગ આપવો પડે છે. એટલું જ નહીં પરંતુ ધોરણ-૧૦, ધોરણ-૧૨ની પરિક્ષાના પરિણામમાં તો ખુબજ ઉંચી ટકાવારી ઉત્તીર્ણ થવું પડે છે. આથી ખુબજ ઓછા ઉમેદવારો નામાંકિત વિદ્યાશાખાઓમાં ઉચ્ચ શિક્ષણ મેળવી કારકિર્દી બનાવી શકે છે. એ સિવાય મહદઅંશે કોઈપણ ક્ષેત્રમાં ૧૦૦ ટકા રોજગારીની કોઈજ નિશ્ચિતતા રહી નથી. જેમાં વિકલ્પે ઓછી લાયકાત, અન્ય વિદ્યાશાખાઓ માટે જરૂરી હોઈ તેના પ્રમાણમાં ઓછી ટકાવારી ધરાવતા ઉમેદવારો પણ વ્યવસાયલક્ષી તાલીમ મેળવી વિવિધ વ્યવસાયિક કૌશલ્ય પ્રાપ્ત કરી રોજગારી/સ્વરોજગારી મેળવી શકે છે.**

**સાંપ્રત સમયગાળામાં રાજય તથા રાષ્ટ્રમાં વિવિધ ક્ષેત્રના ઔદ્યોગિકરણનો વ્યાપ વધી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય કંપનીઓ પણ દેશમાં ઉદ્યોગો સ્થાપી રહી છે, નવા નવા ક્ષેત્રો ઉભરી રહયા છે. તે સંજોગોમાં વ્યવસાયલક્ષી શિક્ષણ મેળવી વ્યવસાયિક કૌશલ્ય પ્રાપ્ત કરનાર ઉમેદરવારો માટે રોજગારી/સ્વરોજગારી મેળવવાની વધુ ઉજળી તકો રહેલી છે. તેવું** ચોકસપણે કહી શકાય.રાજયમાં ઔધોગિક તાલીમ સંસ્થાઓ મારફતે વ્યવસાયલક્ષી તાલીમ ધ્વારા કૌશલ્ય પ્રાપ્ત કરનાર ઘણાબધા ઉમેદવારો આજે માત્ર રાષ્ટ્રમાંજ નહી પણ વિદેશોમાં પણ સારી એવી રોજગારી મેળવી રહયા છે.આથી સરળતાથી રોજગારી / સ્વરોજગારી પ્રાપ્ત કરવા માટે વ્યવસાયલક્ષી શિક્ષણ અપનાવવું એજ શ્રેષ્ઠ વિકલ્પ છે.ગુજરાત રાજયની પ્રજાના સદભાગ્યે રાજય સરકારના શ્રમ અને રોજગાર વિભાગના નેજા હેઠળ રોજગાર અને તાલીમ ખાતાના નિયંત્રણ હેઠળના રાજયના લગભગ તમામ તાલુકાઓમાં અંતરીયાળ વિસ્તારો સુધી સરકારી / ગ્રાન્ટ ઈન એઈડ / સ્વનિર્ભર ઔધોગિક તાલીમ સંસ્થાઓ (આઈ.ટી.આઈ.) કાર્યરત છે. આમ

રાજયમાં વ્યવસાયલક્ષી તાલીમ ઉપલઘ્ધ કરાવવા માટે વિસ્તૃત અને વ્યાપક તાલીમી સુવિધાઓ ઉપલઘ્ધ છે. જેનો પરીચય નીચે મુજબ છે.

વધુમાં ઔધોગિક તાલીમ સંસ્થામાં તાલીમ પુર્ણ કર્યા બાદ નિયમાનુસાર તેઓને ધોરણ ૧૦/૧૨ પાસ સમકક્ષ ગણવામાં આવે છે. તેમજ વધુ અભ્યાસ માટે ડિપ્લોમા પણ પ્રવેશ મેળવી શકે છે.

**૨. કારીગર તાલીમ યોજના**

વ્યવસાયલક્ષી તાલીમ આપવા માટે ભારત સરકારના શ્રમ મંત્રાલય હસ્તકની ડાયરેકટર જનરલ ઓફ એમ્પલોયમેન્ટ એન્ડ ટ્રેનીંગ,ન્યુ દિલ્હી (ડી.જી.ઈ.એન્ડ ટી) ઘ્વારા ઘડાયેલ આ યોજનાનો ઉદેશ,વિવિધ ઉઘોગ અને સેવાક્ષેત્રને કુશળ માનવબળ ઉપલઘ્ધ કરાવવાનું તેમજ જુદા જુદા ક્ષેત્રે વિકસતી જતી ટેકનોલોજી અંગે ઉમેદવારોને તાલીમ આપી,રોજગારી / સ્વરોજગારી મેળવવામાં સહાયભુત થવાની છે.કારીગર તાલીમ યોજના હેઠળ નેશનલ કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીગ ( N C V T )પેટર્નના વ્યવસાયોનું સંચાલન સરકારી ઔધોગિક તાલીમ સંસ્થા (I T C ) ગ્રાટ ઈન એઈડ / સ્વનિર્ભર ઔધોગિક તાલીમ કેન્દ્રો ( I T C )સરકારી ટેકનીકલ હાઈસ્કુલો વગેરે ઘ્વારા થાય છે.ઉપરાંત આ યોજનાતળે રાજય કક્ષાના ગુજરાત નેશનલ કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેની ( G C V T ) પેટર્ન હેઠળના વ્યવસાયોનો પણ સમાવેશ થાય છે.તાલીમ આપી પુર્ણ કર્યા બાદ ( N C V T / G C V T )ઘ્વારા પરીક્ષા યોજવામાં આવે છે.તેમજ લાગુ પડતા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવે છે.

**૪. ડીસેબલ આઈ.ટી.આઈ.(વડોદરા):–**

શારીરિક ખોડ–ખાંપણ ધરાવતા ભાઈ–બહેનો માટે વ્યવસાયલક્ષી તાલીમ મેળવી કૌશલ્ય નિર્માણ ઘ્વારા રોજગારી / સ્વરોજગારી મેળવી પગપર થઈ શકે તે હેતુસર વિના મુલ્યે તાલીમ આપવામાં આવે છે.જેમાં(૧) કોપ્યુટર આપરેટર કમ પ્રોગ્રામીગ આસીસ્ટન્ટ(૨)કટીગ એન્ડ(૩)ટેલીફોન મોબાઈલ રીપેરીગ અને કુલ ત્રણ કોર્ષ કાર્યરત છે.

**૫. વડોદરા શહેર / જીલ્લામાં આવેલ આઈ.ટી.આઈ.:–**

વડોદરા શહેર / જીલ્લામાં આવેલ સરકારી આઈ.ટી.આઈ.જેવીકે ૧)તરસાલી. ૨)ગોરવા ૩)દશરથ ૪)પાદરા ૫)સાવલી ૬)વાઘોડીયા ૭) સંખેડા ૯)કરવણ ૧૦)જબુગામ

(૧૧)છોટાઉદેપુર (૧૨)શિનોર (૧૩)નસવાડી (૧૪)કવાંટ વગેરે સ્થળોએ રાજયની સંસ્થાઓ ચાલે છે.

**૨:૧ વિવિધ તાલીમી યોજનાની વિગતો:–**

કારીગર તાલીમ યોજના (C T S) અંતર્ગત ઉપલઘ્ધ વ્યવસાયોનો સમયગાળો ૬ માસથી ૩ વર્ષનો છે.જેમાં કોઈપણ પ્રકારનું વુકેશન ઓતું નથી અને સરેરાશ દૈનિક છ થી આઠ કલાકના તાલીમ સમય હોય છે.રાજયની મોટી ઔધોગિક તાલીમ સંસ્થાઓમાં પ્રથમ,બીજી, અને ત્રીજી પાળીમાં જયારે નાની સરકારી ઉધોગીક તાલીમ સંસ્થા ગ્રાન્ટ ઈન એઈડ ઔધોગિક તાલીમ કેન્દ્રોતેમજ સ્વનિર્ભર ઉધોગીક તાલીમ સંસ્થામાં પ્રથમ અને બીજી પાળીમાં તાલીમ આપવામાં આવે છે.આ તાલીમ પૈકી ચાર થી પાંચ કલાક પ્રેકટીકલ તાલીમ માટે હોય છે.સમય પત્રકમાં સ્થાનિક પરિસ્થિતિને અનુરુપ સમયનો સામાન્ય ફેરફાર સંભવિતછે. જયારે ઔધોગિક તાલીમ સંસ્થા ખાતે મંજુર થયેલ બેઠકોના ૩૩ ૧/૩ % તાલીમાર્થીઓને નિયમોનુસાર શિષ્યવૃતિ આપવામાં આવે છે.

**૨:૨ એ.ટી.એસ. તાલીમ યોજના:–**

ભારત સરકારના શ્રમ મંત્રાલય હસ્તકની ડારેકટર જનરલ ઓફ એમ્પોલોયમેન્ટ એન્ડ ટ્રેનીગ,) ન્યુ દિલ્હી (ડી.જી.એફ.એન્ડ ટી.) ઘ્વારા કાર્યરત આ યોજનામાં આઈ.ટી.આઈ. પાસ તાલીમાર્થીઓને તાલીમીર્થીઓની એપ્રેન્ટીસ એકટ હેઠળ આવરી લીધેલ ઔધોગિક એકમોમાં બે નિયમ અનુસાર થયેલ ઉમેદવારોને આ તાલીમમાં એક આઈ.ટી.આઈ.માં બેઝીક તાલીમ આપવામાં આવે છે. જયારે બે વર્ષ આ તાલીમ દરમ્યાન સરકારશ્રી તરફથી નકકી કરેલ સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે. તેઓને પરીક્ષા પાસ થયે પ્રમાણપત્ર એન.સી.વી.ટી ઘ્વારા એનાયત કરવામાં આવે છે.

**૨:૩ M E S.તાલીમ યોજનામાં(N C V T &G C V T )**

જે ઉમેદવારો પાસે રોજગારીની સ્કીલ હોય પરંતુ કોઈપણ જાતનું પ્રમાણપત્ર ન હોય તેવા ઉમેદરવાર માટે ભારત સકકાર ઘ્વારા( N C V T ) કોર્ષ અને ગુજરાત સરકાર ઘ્વારા (G C V T.) ના કોર્ષ ચલાવવામાં આવે છે.

**૨:૪ કન્સ્ટ્રકશન સ્કીલ ટ્રેનીગ સેન્ટર (સી.એસ.ટી.સી.)**

બાંધકામક્ષેત્રના તાલીમ વ્યવસાય L N T ના સહયોગથી ચાલુ કરવામાં આવેલ છે.જેમાં બાંધકામક્ષેત્રે કુશળ કારીગરો પુરતા પ્રમાણમાં ઉપલઘ્ધ થઈ શકે તે હેતુથી જેવાકે (૧)બાર બેન્ડીગ (૨)સ્કે ફોલ્ડીગ (૩) ફોંમ વર્ક એન્ડ કારપેન્ટ્રી (૪) પ્લમ્બીગ એન્ડ સેનેટરી વર્ક

(૫)કન્સ્ટ્રકશન ઈલેકટ્રીશીયન / વાયરમેનની ટ્રેનીગ આપી કુશળ કારીગર તૈયાર કરવામાં આવે છે.

**૨:૫ સેન્ટર ઓફ એકસલ્સન્સ ઓટોમોબાઈલ (C O E)**

ઓટોમોબાઈલ ક્ષેત્રે આવી રહેલ આધેનિક ક્રાંતિને ઘ્યાનમાં રાખી સેન્ટર ઓફ એકસલન્સ ઓટોમોબાઈલ તેમજ કેમીકલ સેકટરમાં તાલીમાર્થીઓને બેઝીક તેમજ એડવાન્સ ટ્રેનીગ આપવામાં આવે છે.

**૨.૬ કૌશલ્ય વર્ધન કેન્દ્ર (કે.વી.કે)**

**ગુજરાત રાજયમાં દિન-પ્રતિદિન થતો વિકાસને ઘ્યાને લઈ રાજયના સર્વાંગી વિકાસ, આર્થિક પ્રગતિ અને સામાજીક વિકાસ માટે જ્ઞાનની સાથો સાથ વ્યવસાયલક્ષી કૌશલ્ય**(કુશળતા) એ ગતિશીલ પરીબળ બને સામાજીક વિકાસ અને માટે / જ્ઞાનની સાથો સાથ વ્યવસાયલક્ષી કૌશલ્ય (કુશળતા)એ ગતિશીલ પરીબળ બને છે. વૈશ્રિવકરણ અને પરીવર્તનશીલ તકનીકી બદલવાની નિરંતર ગતિ માટે વિશિષ્ટ અને વિવિધ કામની કુશળતા ધરાવતી માનવ શકિતની કાજયને જરુરીયાત છે. આ કૌશલ્ય ર્ધિનમાં પરીણમે તે માટે સંગઠિત ક્ષેત્રમાં જરુરી એવી પ્રચલીત અને અપ્રચલિત(ફોર્મલ અને ઈન ફોર્મલ)પત્રકારની વિવિધ વ્યવસાયલક્ષી તાલીમ ઘ્વારા ગુજરાત રાજયની માનવ શકિતને અનેક વિધ વ્યવ્સાયલક્ષી કૌશલય પુરુ પાડવા રાજય સરકારના સ્વર્ણિમ સંકલ્પ રુપે શ્રમ અને રોજગાર વિભાગ હેઠળના રોજગાર અને તાલીમ ઘ્વારા ૩૦૫ કૌશલ્ય વર્ધન કેન્દ્રો રાજયમાં વિવિધ સ્થળે શરુ કરવામાં આવેલ લછે. જેમાં વડોદરા જિલ્લામાં તેજગઢ,કાયાવરોહણ (મંડાળા),વલણ,મુંજપુર,વડુ(ભોજ),જેતપુર,માંકણી બાદરપુર,અલીખેરવા,ગોઠડા,સાધલી,અનગઢ,સોખડા,બાજવા,કોયલી,શેરખી અને જરોધ ખાતે આ કેન્દ્રો ચાલુ કરવામાં આવેલ છે.

**૨:૭ ઓટોમોબાઈલ પેઈન્ટીગ પ્રોસેસ એન્ડ ટેકનીકસઃ–**

સંસ્થા ખાતે જનરલ મોટર્સ હાલોલના સહયોગથી ઓટોમોબાઈલ સેકટરમાં જરુરી ડેન્ટીગ અનેપેઈન્ટીગ ટેકનીકના કારીગરો મળી રહે તે માટે " પેઈન્ટીગ પ્રોસેસ એન્ડ ટેકનીકસ "નો કોર્ષો શરુ કરવામાં આવેલ છે.

**૨:૮ મોટર ડ્રાઈવીગ સ્કુલઃ–**

વડોદરા શહેર તથા જીલ્લાના નાગરીકો માટે ઔધોગિક તાલીમ સંસ્થા તરસાલી તેમજ ગોરવા છે.તેમજ કૌશલ્ય વર્ધન કેન્દ્ર જરોદ, ગોઠડા, પાવી જેતપુર ખાતે પણ મોટર ડ્રાઈવીગ

સ્કુલ કાર્યરત છે. જેમાં ડ્રાઈવીંગ શીખેલ ઉમેદવારોને રાજય સરકાર ધ્વારા પ્રમાણ પત્ર આપવામાં આવે છે

**૪. ડીસેબલ આઈ.ટી.આઈ.(વડોદરા):–**

શારીરિક ખોડ–ખાંપણ ધરાવતા ભાઈ–બહેનો માટે વ્યવસાયલક્ષી તાલીમ મેળવી કોશલ્ય નિર્માણ ધ્વારા રોજગારી/ સ્વરોજગારી મેળવી પગપર થઈ શકે તે હેતુસર વિના મુલ્યે તાલીમ આપવામાં આવે છે. જેમાં(૧)કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ અનસીસ્ટન્ટ(૨)કટીંગ એન્ડ(૩)ટેલીફોન મોબાઈલ રીપેરીંગ એમ કુલ ત્રણ કોર્ષ કાર્યરત છે.

**૫.વડોદરા શહેર/જીલ્લામાં આવેલ આઈ.ટી. આઈ:–**

વડોદરા શહેર/ જીલ્લામાં આવેલ સરકારી આઈ.ટી. આઈ. જેવીકે (૧) તરસાલી (૨)ગોરવા (૩) દશરથ (૪) પાદરા (૫) સાવલી (૬)વાઘોડીયા (૭)સંખેડા (૯) કરજણ (૧૦) જબુગામ (૧૧)છોટાઉદેપુર (૧૨)શિનોર (૧૩)નસવાડી (૧૪)કવાંટ વગેરે સ્થળોએ રાજયની સંસ્થાઓ ચાલે છે.

**૬.સંસ્થા ખાતે ટાટા મોટર્સ (નેનો પ્લાન્ટ )**

સાણદ અને અમદાવાદના સહયોગથી ઓટોમોબાઈલ વ્હેહીકલ એસેમ્બલી એન્ડ રીપેર ના ટુંકા ગાળાનો ( ૬ માસ )નો કોષ શરૂ કરવામાં આવેલ છે.

આઈ.ટી.આઈ.તરસાલી આતે સ્વામી વિવેકાનંદ સુપીરીયર ટેકનોલોજી સેન્ટર કે જેમાં વિવિધ ટુંકાગાળાના ઓટોમોબાઈલ સેકટર સંદર્ભિત કોર્ષ ચલાવવામાં આવે છે.

હાલમાં વડોદરા તેમજ આજુ બાજુના વિસ્તારમાં ઔધોગિક એકમો છે.અને આવી રહેલ છે.તે ઔધોગિક એકમોને માનવબળ પુરુ પાડવા માટે ઔધોગિક સંસ્થાઓમાં પ્લેસમેન્ટ એડવાઈઝરી બ્યુરો કાર્યરત છે. જેના ધ્વારા સંસ્થાના તાલીમાર્થીઓને રોજગારી સ્વરોજગારી પુરી પાડવા માટે તમામ પ્રયત્નો હાથ ધરવામાં આવે છે.ઔધોગિક તાલીમ સંસ્થા તરસાલી ધ્વારા જીલ્લાની તમામ સંસ્થાના બ્યુરોનું સંકલન કરવામાં આવે છે.

આ ઉપરાંત આઈ.ટી.આઈ.તરસાલી કેમ્પસ પ્લાનમાં હાઈ ટેક ટ્રેનીંગ સેન્ટર,તેમજ એડવાન્સ વોકેશનલ ટ્રેનીંગ સ્કીમ અન્વયે વિધિ એડવાન્સ ટુંકા ગાળાના કોર્ષ ચલાવવામાં આવે છે.

## ૨૩ સંકલિત બાળ વિકાસ સેવા યોજના જિલ્લો વડોદરા.

સંકલિત બાળ વિકાસ સેવા યોજના કેન્દ્રીય પૃરસ્કુત યોજના છે. ૨ ઓકટોબર ૧૯૭૫ થી ભારત સરકારે દેશમાં કુલ ૩૩ પ્રાયોગિક ધટકો શરૂ કરેલ તે પૈકી વડોદરા જીલ્લામાં સૌપ્રથમ

ઘટક છોટાઉદેપુર તાલુકો પસંદ કરવામાં આવેલ હતો વડોદરા જિલ્લા માં હાલ ૧૮ ઘટકો છે. તે પૈકી ૬ ઘટકો આદિવાસી વિસ્તામાં અને ૧૨ ઘટકો અન્ય તાલુકાઓમાં આવેલ છે.

ઓગષ્ટ ૨૦૧૩ માં ઘટકોમાં અન્ય તાલુકાઓમાં આવેલ છે.

વડોદરા જિલ્લામાં કુલ – ૧૦ ઘટકોમાં કુલ –૧૩૪૪ આંગણડી કેન્દ્રો આવેલ છે.આ આંગણવાડી કેન્દ્રો મારફત ૦ થી ૬ વર્ષના બાળકો તથા સગર્ભ અને ધાત્રી માતાઓને નીચે જણાવેલ જુદી જુદી સેવાઓ આપવામાં આવે છે.

સંકલિત બાળવિકાસ સેવા યોજના લાભાર્થીઓ

૧.૦ થી ૬ વર્ષની અંદરના બાળકો
૨. ધાત્રી માતાઓ (૦ થી ૬ મહિના ના બાળકોની માતાઓ)
૩. સર્ગભા માતાઓ
૪. કિશોરીઓ (૧૧ થી ૧૮ વર્ષ)

આ લાભાર્થીઓને આંગણવાડી મારફત નીચે પ્રમાણેની સેવાઓ આપવામાં આવે છે.

સંકલિત બાળવિકાસ સેવા યોજનાના લાભાર્થઓિને મળતી સેવાઓ

૧. પુરક પોષણ
૨.રસીકરણ
૩.આરોગ્ય સેવાઓ
૪.રેફરલ સેવાઓ
૫.પુર્વ શાળાકીય શિક્ષણ
૬.પોષણ અને આરોગ્ય વિષયક શિક્ષણ

આ સેવાઓ આપવાનો મુખ્ય ઘ્યેય નીચે પ્રમાણે છે.

૧. ૦ થી ૬ વર્ષની વય જુથના બાળકો માં આરોગ્ય અને પોષણના સ્તરમાં સુધારો.
૨.૦ થી ૬ વર્ષના બાળકોનો યોગ્ય શારીરિક,માનસિક અને સામાજીક વિકાસનો પાયો નાખવો.
૩.બાળ મૃત્યુદર,જન્મદર,કુપોષણ તથા શાળા છોડવાનાં દરમાં ઘટાડો કરવો.
૪. મહિલા અને બાળ વિકાસની પ્રવૃતિને વેગવંતી બનાવવા માટે વિવિધ સંબંધીત વિભાગ સાથેનું અસરકારક સંકલન અને અમલીકરણ.
૫.આરરરોગ્ય અને પોષણ શિક્ષણ ઘ્વારા બાળકોના આરરરરરોગ્ય અને પોષણ સંબંધી જરુરિયાતની કાળજી માટે માતાના જ્ઞાનમાં વધારો કરવો.

૧. વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન ૧૩૪૪ આંગણવાડીના ૧૩૮૫૬૯ પુરકપોષણના લક્ષ્યાંક સામે ૧૨૯૦૪૬ (૯૩ ટકા )ની સીઘ્ધી કરેલ છે.
૨.ખાસ અંગભુત યોજના હેઠળ અનુસુચિત જાતિના બાળકો અને માતાઓને આઈ.સી.ડી.એસ.યોજનાનો લાભ આપેલ છે. ૭૮૨૫ ના લક્ષ્યાંક સામે ૮૨૨૯ ને લાભ આપી ૧૦૫ ટકા સિઘ્ધી મેળવેલ છે.લાભાર્થીઓ નીતે મુજબ પુરક પોષણ આપવામાં આવે છે.

| **વિગત** | **૬ માસીથી ૩ વર્ષના બાળકો** | **૬ માસથી ૩ વર્ષના અતિશય ઓછો વજનવાળા બાળકો** |
|---|---|---|
| ૧.પુરક આહાર | બાળભોગ | બાલભોગ |
| ૨.પ્રઘ્ધતિ | ટેકહોમ | ટેકહોમ |
| ૩.પેકેટનું વજન | ૫૦૦ ગ્રામ | ૫૦૦ ગ્રામ |
| ૪.પેકેટની જરુરીયાત | ૭ પેકેટ | ૧૦ પેકેટ |

સવારના ગરમ નાસ્તા માટે માતૃમંડળ ધ્વારા અઠવાડીયના ૬(છ) દિવસ બાળકોને ગરમ નરસ્તો આપવામાં આવે છે. જેમાં મસાલા ફાડા,શીરો,સુખડી,ફાડાલાપસી,વધારેલી ઈંડલી અને ગળ્યા પુડાનો સમાવેશ કરવામાં આવે છે.

ગુજરાત સરકારે કુપોષણ માટે અનેક પગલાં લીધેલ છે.બાળકોના વાલીઓમાં જાગૃતિ આવે તે માટે અન્નપ્રાશન અને રસોઈ શો જેવા કાર્યક્રમોનો આયોજન કરેલ છે.૦ થી ૫ વર્ષના બાળકોનું પોષણ સ્તર માર્ચ–૨૦૧૪માં નોર્મલ બાળકો–૭૬૫૭૩,મધ્યમ કૃપોષિત બાળકો–૨૬૯૨૨ અને અતિકુપોષિત બાળકો ૨૩૫૯ છે.

સગર્ભા માતા,ધાત્રીમાતા અને કિશોરીઓને સુખડી પ્રિમીક્ષ અને ઉપામ પ્રિમીક્ષ ટેક હોમ રેશન આપવામાં આવે છે. જેમાં સુખડી–૧(કુલ) પેકેટ,શીરો પ્રિમીક્ષ–૫૦૦ ગ્રામના ૩ (ત્રણ)પેકેટ અને ઉપમા પ્રિમીક્ષ–૫૦૦ના ૨ (બે) પેકેટ આપવામાં આવે છે.આ ઉપરાંત માતૃમંડળ ધ્વારા જીલ્લાના ૫૦ % આંગણવાડીમાં ગરમ સુખડી આપવામાં આવેછે.

૧૩૩૪૪ આંગણવાડી પૈકી યોજનાના પોતાનાના મકાનો ૧૧૫૪ છે.૫૭૨માં ૫મણીની વ્યવસ્થા છે.બાકીના કેન્દ્રી માટે આયોજન કરવામાં આવેલ છે.૯૬૪ આંગણાવડીમાં શૌચાલયની વ્યવસ્થા છે.૧૯૦ નવા શૈચાલય બનાવવાનુ આયોજન છે.૧૦૮૪ આંગણવાડીમાં વીજળીની વ્યવસ્થા છે.૧૫૪, આંગણવાડીમાં રસોડા સહિત ગેસની સુવિધા છે.

**(પોષણ મેળાવતા લાભાર્થીઓની વિગત દશાર્વતુ પત્રક)**

| અ.નં | ધટકનું નામ | આંગણ વાડીની કેન્દ્રો | | | પુરક પોષણના લાભાર્થઓ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર | કાર્યાન્વિત | ટકા | લક્ષ્યાંક | સિધ્ધિ | ટકા |
| ૧ | ડભોઈ | ૧૯૩ | ૧૯૩ | ૧૦૦ | ૧૭૮૩૨ | ૧૬૭૩૬ | ૯૪ |
| ૨ | કરજણ | ૧૩૨ | ૧૩૨ | ૧૦૦ | ૧૪૯૧૭ | ૧૫૪૧૮ | ૧૦૩ |
| ૩ | પાદરા–૧ | ૧૨૦ | ૧૨૦ | ૧૦૦ | ૧૨૪૧૨ | ૧૨૦૦૯ | ૯૭ |
| ૪ | પાદરા–૨ | ૧૩૫ | ૧૩૫ | ૧૦૦ | ૧૪૩૫૭ | ૧૨૪૬૦ | ૮૭ |
| ૫ | સાવલી–૧ | ૧૦૨ | ૧૦૨ | ૧૦૦ | ૧૧૫૯૭ | ૧૦૬૧૨ | ૯૨ |
| ૬ | સાવલી–૨ | ૧૧૨ | ૧૧૨ | ૧૦૦ | ૧૧૮૯૭ | ૧૧૮૬૦ | ૧૦૦ |
| ૭ | શિનોર | ૮૭ | ૮૭ | ૧૦૦ | ૫૭૪૭ | ૬૩૭૪ | ૧૧૧ |
| ૮ | વડોદરાગ્રા–૧ | ૧૪૬ | ૧૪૬ | ૧૦૦ | ૧૭૧૦૬ | ૧૫૫૫૬ | ૯૧ |
| ૯ | વડોદરાગ્રા–૨ | ૧૬૩ | ૧૬૩ | ૧૦૦ | ૧૫૮૧૭ | ૧૩૫૧૫ | ૮૫ |
| ૧૦ | વાઘોડીયા | ૧૫૪ | ૧૫૪ | ૧૦૦ | ૧૬૮૮૭ | ૧૪૫૦૬ | ૮૬ |
| | કુલ | ૧૩૪૪ | ૧૩૪૪ | ૧૦૦ | ૧૩૮૫૬૯ | ૧૨૯૦૪૬ | ૯૩ |

## સંકલિત બાળ વિકાસ સેવા યોજના જિલ્લો છોટાઉદેપુર

સંકલિત બાળ વિકાસ સેવા યોજના કેન્દ્રીય પૂરસ્કુત યોજના છે. ૨ ઓકટોબર ૧૯૭૫ થી ભારત સરકારે દેશમાં કુલ ૩૩ પ્રાયોગિક ઘટકો શરૂ કરેલ તે પૈકી વડોદરા જીલ્લામાં સૌપ્રથમ ઘટક છોટાઉદેપુર તાલુકો પસંદ કરવામાં આવેલ હતો વડોદરા જિલ્લા માં હાલ ૧૮ ઘટકો છે. તે પૈકી ૬ ઘટકો આદિવાસી વિસ્તામાં અને ૧૨ ઘટકો અન્ય તાલુકાઓમાં આવેલ છે.

ઓગષ્ટ ૨૦૧૩ માં નવરચિત જિલ્લો છોટાઉદેપુરની રચના કરવામાં આવી.

છોટાઉદેપુર જિલ્લામાં કુલ – ૦૬ ઘટકોમાં કુલ–૧૦૫૮ આંગણડી કેન્દ્રો મારફત ૦ થી ૬ વર્ષના બાળકો તથા સગર્ભ અને ધાત્રી માતાઓને નીચે જણાવેલ જુદી જુદી સેવાઓઆપવામાં આવે છે.

સંકલિત બાળવિકાસ સેવા યોજના લાભાર્થીઓ

૧.૦ થી ૬ વર્ષની અંદરના બાળકો
૨. ધાત્રી માતાઓ (૦ થી ૬ મહિના ના બાળકોની માતાઓ)
૩. સર્ગભા માતાઓ
૪. કિશોરીઓ (૧૧ થી ૧૮ વર્ષ)

આ લાભાર્થીઓને આંગણવાડી મારફત નીચે પ્રમાણેની સેવાઓ આપવામાં આવે છે.

સંકલિત બાળવિકાસ સેવા યોજનાના લાભાર્થીઓને મળતી સેવાઓ

૧. પુરક પોષણ
૨.રસીકરણ
૩.આરોગ્ય સેવાઓ
૪.રેફરલ સેવાઓ
૫.પુર્વ શાળાકીય શિક્ષણ
૬.પોષણ અને આરોગ્ય વિષયક શિક્ષણ

આ સેવાઓ આપવાનો મુખ્ય ધ્યેય નીચે પ્રમાણે છે.

૧. ૦ થી ૬ વર્ષની વય જુથના બાળકો માં આરોગ્ય અને પોષણના સ્તરમાં સુધારો.
૨.૦ થી ૬ વર્ષના બાળકોનો યોગ્ય શારીરિક,માનસિક અને સામાજીક વિકાસનો પાયો નાખવો.
૩.બાળ મૃત્યુદર,જન્મદર,કુપોષણ તથા શાળા છોડવાનાં દરમાં ઘટાડો કરવો.
૪. મહિલા અને બાળ વિકાસની પ્રવૃતિને વેગવંતી બનાવવા માટે વિવિધ સંબંધીત વિભાગ સાથેનું અસરકારક સંકલન અને અમલીકરણ.
૫.આરોગ્ય અને પોષણ શિક્ષણ ધ્વારા બાળકોના આરોગ્ય અને પોષણ સંબંધી જરુરિયાતની કાળજી માટે માતાના જ્ઞાનમાં વધારો કરવો.

૧. વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન ૧૦૫૮ આંગણવાડીના ૧૩૬૧૫૬ પુરકપોષણના લક્ષ્યાંક સામે ૧૧૪૫૬૫ (૮૪ ટકા )ની સિધ્ધી કરેલ છે.
૨.આદિવાસી બાળકોનાં પોષણ સ્તર સુધારવા માટે દુધ સંજીવની યોજના હેઠળ કવાંટ તાલુકામાં કુલ ૭૪૪૦ બાળકોને લાભ આપવામાં આવેલ છે.

| વિગત | ૬ માસીથી ૩ વર્ષના બાળકો | ૬ માસથી ૩ વર્ષના અતિશય ઓછો વજનવાળા બાળકો |
|---|---|---|
| ૧.પુરક આહાર | બાળભોગ | બાલભોગ |
| ૨.પ્રઘ્ધતિ | ટેકહોમ | ટેકહોમ |
| ૩.પેકેટનું વજન | ૫૦૦ ગ્રામ | ૫૦૦ ગ્રામ |
| ૪.પેકેટની જરુરીયાત | ૭ પેકેટ | ૧૦ પેકેટ |

સવારના ગરમ નાસ્તા માટે માતૃમંડળ ઘ્વારા અઠવાડીયના ૬(છ) દિવસ બાળકોને ગરમ નરસ્તો આપવામાં આવે છે. જેમાં મસાલા ફાડા,શીરો,સુખડી,ફાડાલાપસી,વઘારેલી ઈડલી અને ગળ્યા પુડાનો સમાવેશ કરવામાં આવે છે.

ગુજરાત સરકારે કુપોષણ માટે અનેક પગલાં લીધેલ છે.બાળકોના વાલીઓમાં જાગૃતિ આવે તે માટે અન્નપ્રાશન અને રસોઈ શો જેવા કાર્યક્રમોનો આયોજન કરેલ છે.૦ થી ૫ વર્ષના બાળકોનું પોષણ સ્તર માર્ચ–૨૦૧૪માં નોર્મલ બાળકો–૬૮૫૨૬,મઘ્યમ કૃપોષિત બાળકો–૨૭૨૮૭ અને અતિકુપોષિત બાળકો ૨૪૬૨ છે.

સગર્ભા માતા,ધાત્રીમાતા અને કિશોરીઓને સુખડી પ્રિમીક્ષ અને ઉપામ પ્રિમીક્ષ ટેક હોમ રેશન આપવામાં આવે છે. જેમાં સુખડી–૧(કુલ) પેકેટ,શીરો પ્રિમીક્ષ–૫૦૦ ગ્રામના ૩ (ત્રણ)પેકેટ અને ઉપમા પ્રિમીક્ષ–૫૦૦ના ૨ (બે) પેકેટ આપવામાં આવે છે.આ ઉપરાંત માતૃમંડળ ઘ્વારા જીલ્લાના ૫૦ % આંગણવાડીમાં ગરમ સુખડી આપવામાં આવેછે.

૧૦૫૮ આંગણવાડી પૈકી યોજનાના પોતાનાના મકાનો ૮૪૩ છે.૮૪૩ પૈકી ૨૩૯માં પાણીની વ્યવસ્થા છે.બાકીના કેન્દ્રો માટે આયોજન કરવામાં આવેલ છે.૪૮૯ આંગણાવડીમાં શૌચાલયની વ્યવસ્થા છે.૩૫૪ નવા શૈચાલય બનાવવાનુ આયોજન છે.૭૪૮ આંગણવાડીમાં વીજળીની વ્યવસ્થા છે.૮૪૩, આંગણવાડીમાં રસોડા સહિત ગેસની સુવિધા છે.

પુરક પોષણ મેળાવતા લાભાર્થીઓની વિગત દશાર્વતુ પત્રક)

| અ.નં | ધટકનું નામ | આંગણ વાડીની કેન્દ્રો | | | પુરક પોષણના લાભાર્થઓ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર | કાર્યાન્વિત | ટકા | લક્ષ્યાંક | સિઘ્ધિ | ટકા |
| ૧ | છોટાઉદેપુર | ૩૧૪ | ૩૧૪ | ૧૦૦ | ૪૨૨૮૭ | ૩૪૫૯૪ | ૮૨ |
| ૨ | કવાંટ | ૧૮૮ | ૧૮૮ | ૧૦૦ | ૨૬૨૭૬ | ૧૯૫૯૯ | ૭૫ |
| ૩ | નસવાડી | ૨૧૩ | ૨૧૩ | ૧૦૦ | ૨૬૨૧૭ | ૧૭૪૨૪ | ૬૬ |
| ૪ | જેતપુરપાવી–૧ | ૧૧૯ | ૧૧૯ | ૧૦૦ | ૧૨૦૩૭ | ૧૨૨૩૪ | ૧૦૨ |
| ૫ | જેતપુરપાવી–૨ | ૧૦૧ | ૧૦૧ | ૧૦૦ | ૧૩૯૨૭ | ૧૩૦૭૧ | ૯૪ |
| ૬ | સંખેડા | ૧૨૩ | ૧૨૩ | ૧૦૦ | ૧૫૪૧૨ | ૧૭૬૪૪ | ૧૧૪ |
| | કુલ | ૧૦૫૮ | ૧૦૫૮ | ૧૦૦ | ૧૩૬૧૫૬ | ૧૧૪૫૬૫ | ૮૪ |

આંકડા શાખા,જીલ્લા પંચાયત,વડોદરા.

તા. / / ૨૦૧૪

**પ્રતિ,**

વિષયઃ– વડોદરા જીલ્લાની સને. ૨૦૧૩–૧૪ ની સામાજીક –સમીક્ષા પુસ્તિકા મોકલવા બાબત

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે,વડોદરા જીલ્લાની સને. ૨૦૧૩–૧૪ ના વર્ષની સામાજીક –આર્થિક સમીક્ષા પુસ્તિકા એક પ્રત આ સાથે સામેલ રાખી મોકલવામાં આવે છે. જે મળ્યા અંગેની પહોંચ મોકલી આપવા વિનંતી છે.

જીલ્લા આંકડા અધિકારી

જી.પં. વડોદરા.

બિડાણઃ–ઉપર મુજબ.

**પ્રતિ,**

જીલ્લા આંકડા અધિકારીશ્રી

જીલ્લા પંચાયત,કચેરી, આંકડા શાખા, ૭ મો માળ,

સરદાર વલ્લભભાઈ પટેલ ભવન,રાજમહેલ રોડ,

વડોદરા–૩૯૦૦૦૧

વિષયઃ– વડોદરા જીલ્લાની સને. ૨૦૧૩–૧૪ ની સામાજીક – આર્થિક સમીક્ષા

જયભારત સહ જણાવવાનું ક, વિષયમાં નિર્દેશ પુસ્તિકા પ્રત મળેલ છે.જે બદલ આ પહોંચ પાઠવવામાં આવે છ

સહી/–

હોદ્દોઃ–

# અનુક્રમણિકા


| અ.નં. | વિગત | પાન નં |
|---|---|---|
| ૧ | વહીવટી માળખું | |
| ૨ | નદીઓ અને પર્વતો | |
| ૩ | જમીન | |
| ૪ | ક્ષેત્રફળ અને વસ્તી | |
| ૫ | જમીન વપરાશ | |
| ૬ | કૃષિ ઉત્પાદન | |
| ૭ | સિંચાઈ | |
| ૮ | પશુપાલન | |
| ૯ | મત્સ્યઉદ્યોગ | |
| ૧૦ | સહકારી સંસ્થાઓ | |
| ૧૧ | ખનિજ સંપતિ | |
| ૧૨ | ઉદ્યોગ | |
| ૧૩ | ઉર્જા | |
| ૧૪ | રસ્તાઓ | |
| ૧૫ | બેન્કીગ | |
| ૧૬ | શિક્ષણ | |
| ૧૭ | રોજગારી અને માનવશકિત | |
| ૧૮ | યોજનાકીય પ્રગતિ | |
| ૧૯ | જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી | |
| ૨૦ | આરોગ્ય | |
| ૨૧ | સાક્ષરતા | |
| ૨૨ | ઔદ્યોગિક તાલીમ સંસ્થા | |
| ૨૩ | સંકલિત બાળ વિકાસ સેવા યોજના | |

# ૪. ક્ષેત્ર અને વસતિ

૪.૧ ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ મુળ વડોદરા જિલ્લાનું ક્ષેત્ર ફળ ૩૮૪૧.૯૫ ચો.મી. છે.૧લી માર્ચ ૨૦૧૧ના રોજ વડોદરા જિલ્લાની વસતિ ૪૧૬૫૬૨૬ લાખ નોંધાયેલ છે. જે પૈકી ૨૧૫૩૭૩૬ લાખ પુરુષો અને ૨૦૧૧૮૯૦ લાખ સ્ત્રીઓ છે.જેમાં ગ્રામ્ય વસતિ ૨૦૯૯૮૫૫ લાખ અને શહેરી વસતિ ૨૦૬૫૭૭૧ છે. ગુજરાત રાજયમાં જિલલાઓમાં વડોદરા જિલ્લો વસતિની દષ્ટિએ ૩ માં ક્રમે ધરાવે છે. વડોદરા જિલ્લો ગુજરાત રાજયના કુલ વિસ્તારના ૬.૮૯ ટકા વસતિ ધરાવે છે. વડોદરા જિલ્લામાં કુલ વસતિના ૪૯.૬ ટકા વસતિ વડોદરા શહેર વસતિ છે.

૪.૨ તારીખઃ૧૩/૦૮/૧૩ માં મહેસુલ વિભાગના જાહેર નામાથી વડોદરા જિલ્લાનું વિભાજન થતાં વડોદરા જિલ્લો અને છોટાઉદેપુર જિલ્લાની રચના થઈ તે મુજબ વડોદરા જિલ્લાની વર્ષ ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ ૩૦૯૩૭૯૫ લાખ વસતિ થાઈ છે. જે પૈકી ૧૬૦૮૮૮૭ લાખ પુરુષો અને ૧૯૯૩૩૫૬ લાખ છે.

જયારે નવરચિત છોટાઉદેપુર જિલ્લાની ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ ૧૦૭૧૮૩૧ લાખ વસતિ થાય છે.જે પૈકી ૫૪૪૮૪૯ લાખ પુરુષો અને ૫૨૬૯૮૨ લાખ સ્ત્રીઓ છે. જેમાં ગ્રામ્ય વસતિ ૯૯૯૪૧૬ લાખ અને શહેરી વસતિ ૭૨૪૧૫ લાખ છે.

વૃધ્ધિદરઃ– ૨૧મી સદીના શરુઆતમાં વડોદરા જિલ્લાની વસતિ ૩૬૪૧૮૦૨ લાખ હતી સેન્સસ–૨૦૧૧માં વડોદરા જિલ્લાની વસતિ ૪૧૬૫૬૨૬ લાખ થવા પામેલ છે. જેમાં કારણે વડોદરા ૧૪.૩૮૪ ટકા વસતિ વૃધ્ધિદર છે. જે ગુજરાતનો વસતિ વૃધ્ધિદર ૧૯.૨૮ ટકા કરતાં ૪.૯૦ % વધુ ઓછો છે. વડોદરાનો ગ્રામિણ વિસ્તારનો અને શહેરી વિસ્તારનો વસતિ વૃધ્ધિદર અનુક્રમે ૪.૯૭ % અને ૨૦.૩૧ % વડોદરા જિલ્લામાં ૧૯૯૧–૨૦૦૧ ના ૧૯.૮૭ % નો ઘટાડો નોંધાયેલ છે.

( વસતિ ગીચતા (પ્રતિ ચો.કિ.મી.દીઠ વ્યકિતખો )

વસતિ ગણતરી ૨૦૧૧ મુજબ વડોદરા જિલ્લાની વસતિની ગીચતા ૫૦૭.૪૬૩ થયેલ છે.જે વસતિ ગણતરી ૨૦૦૧ થી ૬૪ અંકનો વધારો દર્શાવે છે. વડોદરા રાજયમાં ૭ મો ક્રમ ધરાવે છે.તેમ છતાં વસતિ ગીચતા વડોદરામાં રાજયની સરેરાશ ૫૫૨

પ્રતિ.ચો.કિ.વસતિ ગીચતા સામે નીચી / ઉચ્ચી જોવા મળેલ છે.વસતિનો હિસ્સો વડોદરા જિલ્લાની કુલ વસતિના ૫૦.૪૧ % ટકા ગ્રામીણ વસતિ (દસકામાં ૪.૩૮ % નો વધારો ) અને ૪૯.૫૯ % શહેરી વસતિ ( દસકામાં ૪.૩૮ % નો વધારો ) જોવા મળેલ છે.

૪.૫ જાતિ પ્રમાણઃ– જાતિ પ્રમાણદર હજાર પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ દર્શાવે છે. ૨૦૦૧માં ૯૧૯ હતું ૧૫ અંક વધીને ૨૦૧૧માં ૯૩૪ થવા પામેલ છે.ગ્રામીણ છે.ગ્રામીણ વિસ્તારમાં જાતિ પ્રમાણ ૨૦૦૧માં ૯૨૯ હતું જે ૧૯ અંક વધીને ૨૦૧૧માં ૯૪૮ થવા પામેલ છે. જયારે શહેર વિસ્તારમાં જાતિ પ્રમાણ ૨૦૦૧ માં ૯૦૭ હતું જે ૨૦૧૧માં ૯૨૦ થયેલ છે.૧૯૯૬ થી જાતિ પ્રમાણ સેન્સસ દરમ્યાન સતત ઘટાવાનું વલણ ધરાવે છે.

૪.૬ બાળ જાતિ પ્રમાણ (૦–૬ વર્ષ )

ગુજરાત રાજયમાં બાળ જાતિ પ્રમાણ છેલ્લા પાંચ દસકામાં પ્રથમ વખત વધીને ૨૦૦૧માં ૮૮૬ હતું જે ૨૦૧૧માં ૮૯૭ થવા પામેલ છે.જયારે વડોદરા જિલ્લામાં છેલ્લો પાંચ દસકામાં સતત ઘટાડા સાથે ીસતિ ગણતરી ૨૦૧૧ મુજબ ૦–૬ વર્ષની વયન જુથના બાળકોની જાતિ પ્રમાણ ૮૯૭.૭૭ થવા પામેલ છે.જે ૨૦૦૧–૨૦૧૧ દરમ્યાન ૧૧ અંકનો વધારો થયેલ છે.

૪.૭ અનુસૂચિત જાતિની વસતિઃ–

વડોદરા જિલ્લાની અનુસૂચિત જાતિની વસતિ વર્ષ ૨૦૦૧માં ૨૦૪૨૮૫ હતી તે વધીને વર્ષ ૨૦૧૧માં ૨૨૧૬૨૯ થવા પામેલ છે. જે દસકાની ૮.૪૯ % વસતિ વૃધ્ધિરદર દર્શાવે છે. અનુસૂચિત જાતિની વસતિ વડોદરા જિલ્લાની કુલ વસતિના ૫.૩૨ % અને રાજયની કુલ વસતિના ૦.૩૬ % છે.

૪.૮ અનુસૂચિત જનજાતિની વસતિઃ–

વડોદરા જિલ્લામાં અનુસૂચિત જનજાતિની વસતિ વર્ષ ૨૦૦૧માં ૯૬૭૩૯૩ હતી તે વધીને વર્ષ ૨૦૧૧માં ૧૧૪૯૯૦૧ થવત પામેલ છે. જે દસ દસકાની ૧૮.૮૭ % વસતિ વૃધ્ધિદર દર્શાવે છે.વડોદરા જિલ્લાની અનુસૂચિત જાતિની વસતિ વડોદરા જિલ્લાની કુલ વસતિના ૨૭.૯૦ % અને રાજયની કુલ વસતિના ૧.૯૦ % છે.

૪.૯ સાક્ષરતા દરઃ–

વસતિ ગણતરીના સાક્ષાર વ્યકિતના ખ્યાલ મુજબ વ્યકિત કોઈ ભાષા સમજ વાંચી અને લખી શકે તે સાક્ષર છે. જો કે ૭ વર્ષની ઓછી ઉમરનું બાળક સમજ પુર્વક લખી અને

વાંચી શકતું ઓય તેઓ સાક્ષર વ્યકિતમાં સમાવેશ થતો નથી વસતિ ગણતરી ૨૦૧૧ મુજબ વડોદરા જિલ્લામાં સાક્ષરતા દર ૭૯.૯ % ( ગ્રામ્ય વસતિનો સાક્ષરતા દર ૬૭.૮ શહેરી વસતિની સાક્ષારતાદર ૮૬.૧ % ) થવા પામેલ  જે રાજયના સાક્ષારતા દર ૭૮.૦૩ % ( ગ્રામ્ય ૭૧.૭૧ % ,શહેરી ૮૬.૩૧ % ) સામે વડોદરા જિલ્લાનો સાક્ષારતાદર ઉંચો/નીચો જોવા મળેલ છે.વડોદરા જિલ્લાનો સાક્ષરતા દરમાં છેલ્લા દસકા દરમ્યાન ૮.૧ % નો વધારો જોવા મળેલ છે.(૧૦.૨  ગ્રામ્ય વિસ્તારમાં અને ૩.૬ %) છે.